તુમા બોજ ખારાબ કામે કોઅતાહા.

### માઅહાન મેલ્યો કોઅનાર્યો વાતો
### *(માથ્થી 15:10-20)*

14 એને ઈસુવે લોકહાન પાહાય હાદિન આખ્યાં, “તુમા બોદા મા
વોનાયા, એને હોમજાં.

15 માઅહે જીં બી ચ્યાહા શરીરામાય લેતહેં ચ્યામાય ઓહડા કાયજ
નાંય હેય કા તી ચ્યાહાન મેલાં કોઅઇ હોકે, માઅહે ચ્યે વસ્તુ કોઅઇ
મેલેં ઓઅતેહે, જીં માઅહા માજેરે નિંગહે.
16 જો વોનાયાંહાટી તિયાર હેય તો વોનાય લેય, એને ચ્યા બારામાય
હુમજે."
17 પાછે તો ટોળાલ છોડીન ગોઅમે યેનો, તોવે ચ્યા શિષ્યહાય ચ્યાય
જીં કાય દાખલા દેયને આખ્યેલ ચ્યા મોતલાબ પુછ્યાં.
18 ઈસુવે શિષ્યહાન આખ્યાં, "કાય એહેકેન તુમહાનબી નાંય
હોમજાય કા? તુમા નાંય હોમજેત કા, જીં ખાઅના માઅહું ખાહે તી
માઅહાન મેલાં નાંય બોનાવી હોકે?
19 કાહાકા તી ચ્યાહા મોનામાય નાંય જાય, બાકી ચ્યા બુકામાય જાહે,
એને પાછે તો ઝાડાવાટે બાઆ નિંગી જાહે" એહેકેન આખીન, ઈસુવા
મોતલાબ આતો કા બોદીજ ખાઅના વસ્તુ ખાંહાટી લાયક્યે હેય.
20 એને ઈસુવે આખ્યાં, "માઅહું જીં વિચાર કોઅહે, આખહે એને
કોઅહે, તીંજ માઅહાન પોરમેહેરા હામ્મે મેલાં કોઅહે.
21 ચ્યા મોનામાઅને, ખારાબ વિચાર, વ્યબિચાર, ચોરી, ખૂન, પારકી
થેએ,
22 લોબ, લુચ્ચાઈ, છેતારના, જુઠા કામ, નિંદા, અભિમાન, ઓકાલ
વગારન્યો વાતો,
23 ઓહડે બોદે પાપ મોનામાઅને બાઆ નિંગતેહે એને માઅહાન
મેલાં માઅહું કોઅહે."

## યોક્યે બાયે બોરહો જીં સુરુફીન્યે જાત્યે આતી
## (માથ્થી *15:21-28*)

24 ચ્યા પાછે ઈસુ એને ચ્યા શિષ્ય તાંઅરે જાતા રિયા, એને પાછે
સુર એને સિદોન નાંવા શેહેરા આજુ-બાજુ વિસ્તારામાય ગીયા, તાં યોક
ગોઅમે ગીયા એને ચ્યા ઇચ્છા આતી કા કાદાલ ખોબાર નાંય પોડે કા તો
તાં રિઅલો હેય. બાકી લોકહાન તારાત ખોબાર પોડી કા તો તાં હેય.
25 એને તારાત ચ્યા બારામાય વોનાઈન યોક બાય યેની એને ચ્યા પાગે
પોડી ચ્યે પોહોયીલ બુત લાગલો આતો.

26 તી બાય યુનાની આતી, તી સિરીયા ભાગા એને સુરુફિની નાંવા
ભાગામાય જોન્માલ યેનલી આતી; એને ય્યે ઈસુલ વિનાંતી કોઅયી, કા
ય્યે પોહયે માઅને બુતાલ કાડી ટાકે.
27 તોવે ઈસુવે ય્યેલ આખ્યાં, "પેલ્લા માન મા કુટુંબ યહૂદીયાહાલ
મોદાત કોઅના હેય, પાહાહા પાયને ખાઅના માગના એને કુતરાહાલ
ખાવાડના ઠીક નાંય હેય."
28 તી બાય હુમજી ગિઇ કા ઈસુ ગેર યહૂદીયાહાલ કુત્રે એને
યહૂદીયાહાલ પોહેં એહેકેન આખહે. યાહાટી ય્યેય ઈસુવાલ જાવાબ
દેનો, "હાચ્ચાં હેય પ્રભુ, બાકી પાહાહા આથામાયને પોડલા ટુકડાહા
ચૂરો કુત્રે ખાતહેં."
29 તોવે ઈસુવે ય્યેલ આખ્યાં, "કાહાકા તુયે બોરહો કોઇન આખ્યાં,
યાહાટી ગોઓ જો બુત તો પોહયે માઅને નિંગી ગીયોહો."
30 તી ગોઓ ગિઇ, એને પોહી ખાટલાવોય હુતલી દેખી, એને બુત તે
નિંગી ગીઅલો હેય.

## ઈસુ બોઅર્યા-બોબડયાલ હારો કોઅહે

31 ઈસુ એને ચ્યા શિષ્ય સુર શેહેરા આજુ-બાજુ ભાગ છોડીન સિદોન
શેહેરામાઅને નિંગ્યા, દોહો શેહેરાહા આહી-પાહિલ્યા ભાગામાઅને
ગીયા, જ્યાલ દકોપોલીસ આખતેહે તેહે રોઇન ચ્યા પાછા ગાલીલ
દોરિયા એછે યેના.
32 એને માઅહે યોક બોઓરા એને બોબડયા માઅહાન ચ્યાપાય લેય
યેને, એને માઅહાય ઈસુલ આથ લાવાહાટી રાવ્યાં કોઅયા કા તો હારો
ઓઅઇ જાય.
33 તો ચ્યાલ ટોળામાઅને કાન્યે લેય ગીયો, ચ્યા કાનામાય આંગળી
ગાલી, એને ચ્યાય યોક આંગળીયેવોય થુપીન ચ્યા માઅહા જીબ્યેલ
લાવ્યાં.
34 એને હોરગા એછે એઇન એને મોઠેથી હાઆ લેદી, ઈસુવે ચ્યાલ
આખ્યાં, "એફ્ફેતા" મોતલાબ કા "ઉગડી જો."
35 એને તારાત તી માઅહું વોનાયા લાગ્યા એને જીબ્યે કોઅઇ તકલીફ
વોગાર બોલા લાગ્યો.

36 એને ઈસુવે લોકહાન આખ્યાં, કા “ઈ કાદાલ નાંય આખના કા માચે
કાય કોઅલા હેય” બાકી જોલો વોદારે આખે કા નાંય આખના, તોલા
વોદારે ચ્યા બીજહાન આખતા લાગ્યા.
37 એને ચ્યા બોજ નોવાય પામીન આખા લાગ્યા, “ચ્યે બોદા હારાં
કોઅયાહાં, બોઓરાહાલ વોનાતા કોઅયા, એને બોબડયાહાલ બોલતા
કોઅહે.”

# 8

## ચાર ઓજાર લોકહાન ખાવાડના
## *(માથ્થી 15:32-39)*

1 ચ્યા દિહહામાય, બોજ લોક ઈસુ પાહી યેના એને ચોમખી ચોક
મોઠો ટોળો બેગો જાયો. જોવે ચ્યાહાપાય ખાઅના નાંય આતા, તોવે
ઈસુવે ચ્યા શિષ્યહાન હાદિન આખ્યાં.
2 “માન યા લોકહાવોય દયા યેહે, આમી તીન દિહી જાયાહા, ચ્યા
માચેપાંય હેતા, એને ચ્યાહાપાય ખાઅના કાયજ નાંય આતા.
3 ઈહીમાઅને કોલાહાક જાંઆ બોજ દુઉરે યેનહા, જોવે આંય
ચ્યાહાન બુખા ગોઓ દોવાડી દાંઉ, તોવે વાટેમાય ચ્યા થાકીન તાંજ રોય
પોડી.”
4 શિષ્યહાય ઈસુવાલ આખ્યાં કા, “યા ઉજાડ જાગામાય ઓલા બોદા
લોકહાન ખાવાડા હાટી કેછને ખાઅના મીળે?”
5 ઈસુવે શિષ્યહાન પુછ્યાં, “તુમહેપાય કોલ્યો બાખ્યો હેત્યો?”
ચ્યાહાય આખ્યાં, “આમહાપાય હાંત બાખ્યો હેય.”
6 તોવે ઈસુય બોદા લોકહાન દોરત્યેવોય બોહના આખ્યાં, તોવે ચ્યે
બોહી ગીયે, પાછે હાંત બાખે લેદ્યો એને પોરમેહેરા આભાર માનીન બાખ્યે
ટુકડા કોઇન શિષ્યહાન વાટી દાં આખ્યાં, એને ચ્યાહાય લોકહાન વાટી
દેના.
7 ચ્યાહાપાય વોછે વાહને માછલે બી આતેં, ચ્યાહાવોય પોરમેહેરાલ
આભાર માનીન એને લોકહાન વાટાં શિષ્યહાન દેના.
8 લોકહાય ખાદાં એને દારાઈ ગીયે, તોવે શિષ્યહાય હાંત ટોપલ્યો
બોઇન વોદલા ખાઅના બેગા કોઅયા.
9 એને માઅહે આસરે ચાર ઓજાર આતેં, ઈસુવે લોકહાન દોવાડી
દેના.

10 એને તોવે ઈસુ તારાત શિષ્યહાઆરે ઉડીમાય બોહી ગીયો એને
દાલમનૂતા વિસ્તારામાય યેનો.

### પોરૂષીયા હોરગા નિશાણી માગતાહા
### (માથ્થી *16:1-4)*

11 પાછે વોછા પોરૂષી લોક ઈસુવાપાય યેના ચ્યાઆરે ચર્ચા કોઅતા
લાગ્યા, એને ચ્યાહાય માગણી કોઅયી કા આમહાન હોરગા એછને મોઠે
ચમત્કાર દેખાડ, ચ્યા ઈસુલ ફોસવા હાટી ઈ માગણી કોઅઇ રીયલા
આતા.
12 બાકી ઈસુવે મોઠે હાઆ ટાકીન આખ્યાં, "યે પેડયે લોક કાહા મોઠે
ચમત્કાર માગતાહા? હાચ્ચાંજ આખહુ યે પેડયેલ મોઠે ચિન્હ કાદે દિહી
નાંય દેવાયી."
13 એને ઈસુવે પોરૂષી લોકહાન છોડી દેના, તો ચ્યા ચેલાહાઆરે પાછા
ઉડીમાય બોહી ગીયા એને ગાલીલ દોરિયા બિજ્યે બાજુ ગીયા.

### પોરૂષીયા એને રાજા હેરોદા ખમીર
### (માથ્થી *16:5-12)*

14 તોવે શિષ્ય બાખે લેઅના વિહરાય ગીયા, એને ચ્યાહાપાય યોક
બાખે સિવાય ઉડીમાય બીજ્યો બાખ્યો નાંય આત્યો.
15 ઈસુવે શિષ્યહાન ચેતાવણી દેયન આખ્યાં, "એઆ પોરૂષી લોકહા
એને હેરોદ રાજા ખમીરથી બોચાંહાટી હાચવીન રોજા."
16 ચ્યા ચ્યાહા વોચમાય યોકબીજાઆરે વાતો કોઅરા લાગ્યા, "તો
એહેકેન યાહાટી આખી રીયલો હેય કાહાકા આમેપાય પુરત્યો બાખે નાંય
હેય."
17 ઈસુ જાંઆઈ ગીયો ચ્યા કાય વાતો કોઅતાહા તોવે શિષ્યહાન
આખ્યાં કા, "આમેપાય બાખે નાંય હેય ઓહડા તુમા કાહા વિચાર
કોઅતાહા? કાય તુમાહાય તુમહે મોનાલ ઓલા કોઠાણ બોનાવી લેદહા
કા તુમા આજુબી હોમજી નાંય હોક્યાહા?
18 કાય તુમહે ડોળા આંદળા હેય તેન તુમહાન નાંય દેખાય? કાય
તુમહે કાન બોઅર્યા હેય તેન તુમા નાંય વોનાત? એને તુમહાન યાદ નાંય
રિયા?

19 તોવે તુમહાય ઉગારલા ટુકડાહા કોલ્યો ટોપલ્યો બોઅલ્યો" જોવે
માયે પાચ ઓજારાહાહાટી કેવળ પાચ બાખ્યેહેકોય ખાવાડલા આતા?
ચ્યાહાય ચ્યાલ જાવાબ દેનો, "બાર ટોપલ્યો."
20 "એને ચાર ઓજાર લોકહાહાટી માયે હાંત બાખ્યો મુડયો, તોવે
કોલ્યો ટોપલ્યો બોઅલ્યો?" ચ્યાહાય ચ્યાલ આખ્યાં "હાંત ટોપલ્યો."
21 એને ઈસુવે શિષ્યહાન આખ્યાં, "આજુબી તુમા નાંય હોમજેત કા
આંય કું હેય."

## ઈસુ આંદળા માઅહાન હારાં કોઅહે

22 તોવે ઈસુ એને ચ્યા શિષ્ય બેતસાદા ગાવામાય યેય પોઅચ્યા, તાં
માઅહે યોક આંદળાલ ચ્યાપાય લેય યેને, એને ચ્યાલ વિનાંતી કોઅયી
કા ચ્યાલ આથ લાવીન હારો કોએ.
23 ઈસુ આંદળાલ આથ દોઇન ગાવા બાઆ લેય ગીયો, પાછે, ચ્યા
ડોળા વોય થુપ લાવ્યાં એને ઈસુવે ચ્યાવોય આથ થોવ્યો એને પુછ્યાં,
કા "તુલ કાય દેખહાય?"
24 ચ્યે નોજાર કોઇન આખ્યાં, "માઅહે દેખાતેહે, બાકી માન જાખાં
દેખાયેહે કાહાકા ચ્યા જાડાહા હારકા કાય ફીઅતા એઅતાહાવ."
25 તોવે ઈસુય પાછા બિજ્યે વોખાત ચ્યા ડોળાહા ઉપે આથ થોવ્યો,
તોવે ચ્યે ડોળા ઉગાડયા એને તો પુરીરીતે કોઅઇ હારો ઓઅઇ ગીયો,
એને તો બોદા ચોખ્ખાં એઇ રીયલો આતો.
26 "પાછે ઈસુવે ચ્યાલ આખ્યાં ગોઓ ફિરી જો, બાકી ગાવા વાળહાન
કાય આખાહાટી મા જાહે કા ઈહીં કાય જાયલા આતા."

## પિત્તર ઈસુવાલ ખ્રિસ્ત આખીન માની લેહે
## *(માથ્થી 16:13-20; લુક. 9:18-21)*

27 ઈસુ એને ચ્યા શિષ્ય બેથસદા ગાવામાઅને કૈસરીયા ફિલીપીયા
શેહેરા આહી-પાહિલ્યા ગાંવાહા જાગે ગીયા, તોવે વાટેમાય ઈસુવે ચ્યા
શિષ્યહાન પુછ્યાં કા, "માઅહે માન કાય આખતેહે?"
28 શિષ્યહાય જાવાબ દેનો, "કોલહાક લોક આખતાહા કા તું યોહાન
બાપતિસ્મા દેનારો હેય, બીજહા આખના હેય કા તું એલીયા હેય, એને

બિજા-બિજા લોક આખતાહા કા તું ભવિષ્યવક્તાહા માઅને ચોકતો
હેય."
29 તોવે ઈસુવે શિષ્યહાન પુછ્યાં કા, "બાકી તુમા તુમહે વચ્ચે કાય
વિચાર કોઅતાહા કા આંય કું હેય?" તોવે પિત્તરે જાવાબ દેનો,
"પોરમેહેરા ઇહિને દોવાડલો ખ્રિસ્ત હેય."
30 તોવે ઈસુવે શિષ્યહાન ચેતાવણી દેયન આખ્યાં કા, "મા બારામાય
કાદાલ આખના નાંય."

## ઈસુવે પોતાના મોરણા બારામાય ભવિષ્યવાણી આખી
*(માથ્થી 16:21-૨૩; લુક. 9:22)*

31 ઈસુય શિષ્યહાન હિકાડના સુરુ કોઅયા, "માન જીં માઅહા
પોહાહાટી ઈ જરુરી હેય, કા બોજ દુઃખ વેઠાં પોડી, એને આગેવાન
માઅહે, મુખ્ય યાજક એને મૂસા નિયમ હિકાડનારા ગુરુ ચ્યાલ નાકારી
દી એને માઆઇ ટાકી, એને તીન દિહી પાછે તો મોઅલાહામાઅને પાછો
જીવતો ઉઠી."
32 ઈસુય ઈ વાત ખુલ્લી-ખુલ્લી રીતે આખી દેની, તોવે પિત્તરે ચ્યાલ
આલાગ લેય જાયન પીડા એને માઆઇ ટાકના બારામાય વાત કોઅયી
ચાહાટી ખિજવાયા લાગ્યો.
33 બાકી ઈસુ પાછો વોળીન એને શિષ્યહા એછે એઅયા એને પાછે
પિત્તરાલ ખિજવાયો, "ઓ સૈતાન, મા હામ્મેથી દુર ઓઅઇ જો; કાહાકા
તો વિચાર પોરમેહેરા એછને નાંય, બાકી માઅહા એછને હેય."

## ઈસુવા પાછલા ચાલના ચ્યા મોતલાબ કાય
*(માથ્થી 16:24-28; લુક. 9:23-27)*

34 એને શિષ્યહાઆરે લોકહાન હાદિન ચ્યે આખ્યાં, "જો કાદાં મા
શિષ્ય બોના માગહે, ચ્યાલ પોતાલ નાકાર કોઅરા જોજે એને પોતાનો
હુળીખાંબ ઉચકીન મા શિષ્ય બોને.
35 કાહાકા જીં માઅહું દોરત્યેવોય પોતે જીવ બોચાવાં માગહે, તો
હાચ્ચાં જીવન ગુમાવી દી, બાકી તુમા જ્યા મા લીદે એને પોરમેહેરા હારી
ખોબારે લીદે ચ્યા જીવ દેહે, તો હાચ્ચાં જીવન મેળવી.
36 ચોક માઅહાન કાય લાભ જોવે ચ્યાલ બોજ મિલકાત મીળે બાકી
પોરમેહેરાઆરે હાચ્ચાં જીવન ગુમાવી દેય?

37 યોક માઅહું પોરમેહેરાલ કાય દી હોકહે, જી ચ્યા અનંતજીવન
વેચાતાં લેય?” કાય નાંય.
38 જોવે તુમહેમાઅને કાદો માન ચ્યા પોરમેહેરા હારકો એને મા વાતહે
પાળાહાટી મોનાઈ કોઅહે કાહાકા પોતે બિઅતાહા કા યા સોમાયા પાપી
લોક તુમહે નુકસાન કોઅરી, પાછે આંય, માઅહા પોહાલ મોનાઈ કોઅઇ
દિહી કા તુમા મા શિષ્ય હેય, જોવે આંય પવિત્ર દૂતહા આરે દોરતીવોય
પાછો યીહીં, તોવે બોદા મા મહિમા પ્રતાપ દેખી જો મા આબહા હારકો
હેય.

# 9

## ઈસુવા રુપ બદલાય જાઅના
*(માથ્થી 17:1-13; લુક. 9:28-36)*

1 પાછે ઈસુવે શિષ્યહાન એને લોકહાન આખ્યાં, “આંય તુમહાન
હાચ્ચાંજ આખતાહાવ કા ઈહીં ઉબલા કોલહાક લોક તોવેબી જીવતા
રોય, જોવે ચ્યા પોરમેહેરા રાજ્યા સામર્થ્યા કોઅઇ ચ્યાહા વોચ્ચે યેતા
દેખી.”
2 છ દિહી પાછે ઈસુ પિત્તર, યાકૂબ એને યોહાનાલ આરે લેયને યોકા
ઉચા ડોંગાવોય ગીયો યે ઠિકાણે ચ્યાજ યોખલા આતા ચ્યાહા હામ્મે
ઈસુવા રુપ બોદલાઈ ગીયા.
3 એને ચ્યા ફાડકે બોજ ઉજળેંફુલ ઓઅઇ ગીયે, તોહડે દોરત્યેવોય
કાદોબી ઉજળાવી નાંય હોકે.
4 તોવે ચ્યા તીન શિષ્યહાય બિજા બેન ભવિષ્યવક્તા મૂસાલ એને
એલીયાલ દેખ્યાં એને ચ્યા ઈસુવાઆરે વાતો કોઅતા આતા.
5 તોવે પિત્તરાય ઈસુવાલ આખ્યાં, “ઓ ગુરુ આમે રોઅના ઈહીં હારાં
હેય: આમા તીની જાઅહાલ તીન માંડવા પાડા દે, યોક તોહાટી, યોક
મૂસા હાટી, એને યોક એલીયા હાટી.”
6 ચ્યાય એહેકેન યાહાટી આખ્યાં કાહાકા પિત્તર એને બિજા બેન
શિષ્ય બિઇ ગીઅલા આતા, એને નાંય જાઅતા આતા કા કાય આખના
હેય,

7 તોવે યોક વાદળાં યેના એને ચ્યાહાન ચ્યા સાવલ્યેકોય ડાકી લેદા,
એને ચ્યાહાય વાદળામાઅને પોરમેહેરાલ બોલતા વોનાયા, “ઓ મા પ્રિય
પોહો હેય, ચ્યા આખલા માનજા”.
8 તોવે તારાતુજ ચ્યાહાય ચોમખી એઅયા, એને ઈસુ યોખલોજ
દેખાયો, બિજો કાદોજ નાંય દેખાયો.
9 ઈસુ એને ચ્યા તીન શિષ્ય ડોંગાવોયને ઉતતાજ ચ્યાય ચ્યાહાન યોક
આગના દેની કા, કાદાલબી ઈ મા આખહા કા તુમહાય કાય એઅયા જાવ
લોગુ આંય, માઅહા પોહો મોઅલા માઅને પાછો જીવતો નાંય ઓઅઇ
જાવે.
10 ડોંગાવોય જીં જાયા ચ્યા બારામાય ચ્યાહાય કાદાલુજ નાંય
આખ્યાં, બાકી યે વાતે બારામાય વાત કોઅતા આતા કા, “મોઅલામાયને
પાછા જીવી ઉઠના યા કાય મોતલાબ ઓરી?”
11 એને પાછા શિષ્યહાય ઈસુવાલ પુછ્યાં, “મૂસા નિયમ હિકાડનારા
ગુરુ એહેકેન કાહા આખતાહા કા, એલીયાલ ખ્રિસ્તા યેયના પેલ્લા યાં
જોજે?”.
12 ઈસુવે શિષ્યહાન આખ્યાં કા, ઈ હાચ્ચાંજ હેય કા પોરમેહેરાય
“એલીયાલ દોવાડના વાયદો કોઅલો આતો કા તો બોદા કાય
હુદરાવાહાટી પેલ્લો યેય જાય, બાકી માન માઅહા પોહા બારામાય
એહેકેન કાહા લોખલાં હેય, કા તો બોજ દુઃખ ઉઠાવી, એને નોકામ્યો
ગોણવામાય યી?
13 બાકી આંય તુલ આખતાહાવ કા એલીયા તે યેય ગીયહો, એને
આગેવાનાહાય ચ્યાઆરે બોજ ખારાબ વેવહાર કોઅયો લિખલાં હેય,
ચ્યાજ પરમાણે ચ્યાલ ચ્યાહાય ચ્યાહા મોન આખે તેહેંજ કોઅયા.”

### ઈસુવે બુત લાગલા પાહાલ હારાં કોઅયા
### (માથ્થી *17:14-21;* લુક. *9:37-43)*

14 જોવે ઈસુ ચ્યા તીન શિષ્ય બિજા શિષ્યહાપાય પાછા યેના, તોવે
ચ્યાય બોજ જાંઆહાન ચ્યાહા ચોમખી ઉબા રીઅલા એઅયા, એને
ચ્યાહાઆરે મૂસા નિયમ હિકાડનારા ગુરુ બોલા-બોલી કોઅતા દેખ્યા.
15 જેહેકોય બોદા લોકહાય ઈસુવાલ દેખ્યા બોદહાન બોજ નોવાય
લાગી, એને ચ્યાએછે દાંહાદી જાયને ચ્યાલ સલામ કોઅયા.

16 એને ઈસુવે ચ્યાહાન પુછ્યાં, “તુમા ચ્યાહાઆરે કોઅહી વાતે
બારામાય બોલા-બોલી કોઅતાહા?”
17 ટોળામાઅને ચોક માઅહાય એહેકેન જવાબ દેનો કા, “ઓ
ગુરુજી, આંય મા પાહાલ લેય યેનહો, જ્યામાય ચોક બુત લાગલો હેય,
જો ચ્યાલ બોલાહાટી રોકહે.
18 જોવેબી બુત ચ્યાવોય હમલો કોઅહે તે તો ચ્યાલ તાંજ આફળી
દેહે, એને ચ્યા મુયામાઅને ગોંડો કાડહે, એને ચ્યા દાત કોકડાવેહે,
એને કઠાણ બોની જાહાય. માયે તો શિષ્યહાન એહેકેન આખ્યાં કા
ચ્યામાઅને બુતાલ કાડી ટાકાં, બાકી ચ્યા ચ્યાલ કાડી નાંય હોક્યા.”
19 ઈ વોનાઈન ઈસુવે જાવાબ દેનો, “ઓ બોરહો નાંય થોવનારા
લોકહાય, માન તુમહેહાતે કોલહાલોગુ રા જોજે? એને આંય તુમહે
કોલહા વેઠું? ચ્યા પોહાલ માયેપાંય લેય યા.”
20 “ચ્યા પોહાલ ચ્યા ઈસુવાપાય લેય યેના, એને જોવે બુતે ઈસુલ
દેખ્યાં, તોવે બુતે ચ્યા પાહાલ આફળી ટાક્યા એને તો દોરત્યેવોય પોડીન
કોથાલતો લાગ્યો તોવે ચ્યા મુયામાઅને ગોંડો નિંગા લાગ્યો.
21 ઈસુવે પોહા આબહાલ એહેકેન પુછ્યાં, ઈ બોદા ચ્યાલ કોવેપાયને
ઓઅઇ રીયલા હેય?” ચ્યાય આખ્યાં, વાહનેરેજ હેય.
22 કોલાદા બુતાય ચ્યાલ આગડામાય એને પાઅયામાય પાડ્યા બાકી
ચ્યાલ માઆઇ ટાકાંહાટી કોશિશ કોઅયી, બાકી જોવે તું કાય કોઅઇ
હોકે, તે આમહે ઉપે દયા કોઓ એને આમહાન મોદાત કોઓ.
23 ઈસુવે પાહા આબહાલ આખ્યાં, “તુમહાન સંદેહ નાંય ઓરા જોજે
આંય એહેકેન કોઅઇ હોકતાહાવ જો કાદાં માઅહું માયેવોય બોરહો
થોવહે તી બોદાંજ કાય કોઅઇ હોકહે”.
24 તારાતુજ પાહા આબહે મોઠેથી આખ્યાં, “માન બોરહો હેય, માન
સંદેહ નાંય કોઅરાહાટી તું માન મોદાત કોઓ.”
25 જોવે ઈસુય દેખ્યાકા, આજુબી બોજ ગીરદી ઓઅઇ રિઅલી
હેય, તોવે ચ્યા બુતાલ દોમકાડીન આખ્યાં કા, “ઓ બુત, જો યા પોહાલ
બોઅરો બોનાવી રોયહો એને બોલાહાટી રોકી રોયહો, આંય તુલ
એહેકેન આગના કોઅતાહાંવ, કા એલામાઅને નિંગી જો, એને પાછો
વોળી યેયના નાંય.”

26 તોવે બુત બોંબલીન, એને ઈસુવ ચ્યાલ બોજ મોહળીન ચ્યામાઅને નિંગી
ગીયો, તો પોહો આલ્યોબી નાંય એને તો મોઅલા હારકો પોડી રિયો, એને
બોજ માઅહે આખા લાગ્યેં, કા તો મોઅઇ ગીયોહો.
27 બાકી ઈસુય ચ્યા પાહા આથ દોઓઈન ચ્યાલ ઉબા રાંહાટી મોદાત
કોઅયી.
28 પાછે, જોવે ઈસુ ચ્યા શિષ્યહાઆરે ગોઅમે ચોખલો આતો, તોવે
શિષ્યહાય ઈસુલ પુછ્યાં કા, "આમા બુતાલ કાહાનાય કાડી હોક્યા?"
29 પાછે ઈસુવાય ચ્યાહાન જાવાબ દેનો, "એલા બુત પ્રાર્થના એને
ઉપહા કોઅયા વોગાર માઅહા માઅને બાઆ નાંય ચેય."

## ઈસુય ચ્યા પોતાના મોરણા બારામાય બીજાદા આખલી ભવિષ્યવાણી
## *(માથ્થી 17:22-23; લુક. 9:43-45)*

30 પાછે ઈસુ એને ચ્યા શિષ્યહાય તો જાગો છોડી દેનો, એને
ચ્યા ગાલીલ ભાગામાઅને જાં લાગ્યા, એને ચ્યાલ એહેકેન લાગ્યા કા
કાદાલુજ ખોબાર નાંય પોડા જોજે કા આમા ઈહીં હેય,
31 કાહાકા ઈસુ ચ્યા શિષ્યહાઆરે બોજ સમય વિતાવા એને ચ્યાહાન
હિકાડાં માગતો આતો. ચ્યેય ચ્યાહાન આખ્યાં, "વેલ્લાજ કાદો માન,
માઅહા પોહાલ, મા દુશ્માનાહા ઓદિકારામાય દેય દી, એને ચ્યા લોક
માન માઆઇ ટાકી, બાકી તીજે દિહચે આંય પાછો મોઅલા માઅને
જીવતો ઓઅઇ જાહીં."
32 બાકી ઈ વાત ચ્યાહાન હોમાજ નાંય પોડી, એને ચ્યા ચ્યાલ
પૂછાહાટી બિઈતા આતા.

## શિષ્યહામાય બોદહાથી મોઠો કું?
## *(માથ્થી 18:1-5; લુક. 9:46-48)*

33 પાછે ઈસુ એને ચ્યા શિષ્ય કાપરનાહુમ ગાવામાય ચ્યાહા ગોઓ
ગીયા; જોવે ચ્યા ગોઅમે આતા, ઈસુવે ચ્યાહાન પુછ્યાં કા, "વાટે ચાલતા
તુમા કોઅયેહે વાતે બારામાય ચોક-બિજા આરે બોલેત?"
34 ચ્યા ઠાવકાજ રિયા કાહાકા વાટે ચેતા ચ્યા ચોકા-બિજા આરે ચા
બારામાય બોલા-બોલી કોઅતા આતા, કા આપહે માઅને મોઠો કું હેય?

35 તોવે ઈસુ બોહી ગીયો, એને ચ્યા બારા શિષ્યહાન પાહાય હાદ્યા,
એને એહેકેન આખ્યાં કા, "જો કાદો મોઠો બોના માગહે, તો પોતે
બોદહાથી વાહનો બોને એને સેવા કોઅનારો ચાકાર બોના જોજે."
36 તોવે ઈસુવે ચોકા પાહાલ ચ્યાહા વોચમાય ઉબા રાખ્યાં, તો પાહાલ
ગોળે મિળ્યો એને શિષ્યહાન આખ્યાં,
37 "જો કાદોબી મા લીદે એહેકેન ચોકા પોહાલ દોયા દેખાડેહે,
તો હાચ્ચાંજ મા માની લેહે, જો કાદો મા માની લેહે, તો હાચ્ચાંજ
પોરમેહેરાબી માની લેહે જ્યાંય માન દોવાડયોહો."

## જો આમે વિરુદમાય નાંય હેય, તો આમહેહાતે હેય
*(લુક. 9:49-50)*

38 તોવે યોહાને ઈસુવાલ આખ્યાં, "ઓ ગુરુ, આમાહાય ચોકા
માઅહાન તો નાંવા ઓદિકારા ઉપયોગ કોઇન બુતડાહાન કાડતા દેખ્યાં,
એને આમા ચ્યાલ ઓટકાડા લાગ્યા, કાહાકા તો શિષ્યહા માઅને નાંય
આતો."
39 ઈસુવે આખ્યાં, "ચ્યાલ ઓટકાડાહા મા," કાહાકા ઓહડો
કાદોબી, જો મા નાંવા ઓદિકારાકોય મોઠે ચિન્હે કોઅહે, તો તારાત મા
નિંદા નાંય કોઅઇ હોકે.
40 કાહાકા જો આંય દુશ્માન નાંય, તો આપહે આર્યો હેય.
41 આંય તુમહાન હાચ્ચાંજ આખહુ જો કાદો ચોક ગોલાસ પાઆઈ
તુમહાન ચાહાટી પાજી કા તુમા ખ્રિસ્તા શિષ્ય આખાતાહા, આંય
તુમહાન હાચ્ચાંજ આખતાહાવ કા પોરમેહેર નોક્કીજ ચ્યા માઅહાન
ઇનામ દેઅરી.

## ઈસુવા ચેતાવણ્યો
*(માથ્થી 18:6-9; લુક. 17:1-2)*

42 "કાદાહાટીબી, પોતે ગોગ્યેમાય ગોઅટયે પુડ બાંદિન દોરિયામાય
બુડવી દેયના ખારાબ સાજા હેય, બાકી જોવે કાદોબી યા
વાહનાહામાઅને માયેવોય બોરહો રાખતેહેં, ચ્યાહા પાપ કોઅના
કારણ બોને તે ચ્યાલ યા કોઅતીબી ખારાબ સાજા મિળી.
43 પાપ કોઅના બોદે કારણે બંદ કોઆ ચ્યાલ પુરીરીતે મોનાઈ કોઆ
જેહેકોય કા પોતે આથ કાપી રીઅલા હેય, જો તુમહે પાપ કોઅના કારણ

બોનહે. જોવે તુમા હોરગામાય જાતહેં, ભલે તુમહેપાય યોક આથ હેય
તી હારાં હેય, બાકી તુમહેપાય બેન આથ હેય એને તુમા નરકા કોળીમાય
જાહા, તે તી ખારાબ હેય.
44 નરકા કોળીમાય, બોદહા શરીરાલ ખાનારા કીડા કોવેજ નાંય મોએ
એને આગ બોળના બોંદ નાંય ઓએ.
45 પાપ કોઅના બોંદે કારણે બોંદ કોઆ ચ્યાલ પુરીરીતે મોનાઈ કોઆ
જેહેકોય કા પોતે પાગ કાપી રીઅલા હેય, તો તુમહે પાપ કોઅના કારણ
બોનહે, જોવે તુમા હોરગામાય જાતહેં, ભલે તુમહેપાય યોક પાગ હેય
તી હારાં હેય, બાકી તુમહેપાય બેન પાગ હેય એને તુમા નરકા કોળીમાય
જાહા, તે તી ખારાબ હેય.
46 નરકા કોળીમાય, બોદહા શરીરાલ ખાનારા કીડા કોવેજ નાંય મોએ
એને આગ બોળના બોંદ નાંય ઓએ.
47 પાપ કોઅના બોંદે કારણે દુઉ કોઆ ચ્યાલ પુરીરીતે મોનાઈ કોઆ
જેહેકોય કા પોતે ડોળો બાઆ કાડી દે, જો તુમહે પાપ કોઅના કારણ
બોનહે, જોવે તુમા પોરમેહેરા રાજ્યામાય જાતહેં, ભલે તુમહેપાય યોક
ડોળો હેય તી હારાં હેય, બાકી તુમહેપાય બેન ડોળા હેય એને તુમા નરકા
કોળીમાય જાહા, તે તી ખારાબ હેય.
48 નરકા કોળીમાય, બોદહા શરીરાલ ખાનારા કીડા કોવેજ નાંય મોએ
એને આગ બોળના બોંદ નાંય ઓએ.
49 કાહાકા બોદહાન આગડાકોય ચોખ્ખેં કોઅવામાય યીઈ, જેહેકોય
મીઠાકોય યોક બલિદાન ચોખ્ખાં ઓઅહે.*
50 મીઠાં યોક જરુરી વસ્તુ હેય, જોવે મીઠાં ચોવવોગાર ઓઅઇ
જાય, તે તી પાછી કોવેજ ખારાં નાંય બોની હોકે, તુમા યોક-બીજાહાતે
ઇળીમીળીન એને યોક બીજાહાતે શાંતીમાય રા જોજે."

# 10

## વોરાડ એને ફારગાત્યે બારામાય હિકાડના
*(માથ્થી 19:1-12; લુક. 16:18)*

* **9:49** શાબ્દિક અનુવાદ: કાહાકા બોદા જાહાન આગડાકોય ખારાં કોઅરી.

1 ઈસુવે ચ્યા શિષ્યહાઆરે કાપરનાહુમ શેહેર છોડી દેના, એને ચ્યા
યહૂદીયા વિસ્તારામાઅને યારદેન નોયે ચ્યેમેરે ગીયા. એને પાછી યોકદા
ચ્યાપાય લોકહા મોઠી ગીરદી ઓઅઇ ગિઇ, એને તો ચ્યાપરમાણે
ચ્યાહાન પાછો હિકાડતો લાગ્યો.
2 તોવે પોરૂષી લોકહાય ચ્યાપાય યેઇન ચ્યા પરીક્ષા લાંહાટી ચ્યાલ
પુછ્યાં, "કાય મૂસા નિયમામાય યોકા માટડાલ ચ્યા થેઅયેલ ફારગાતી
દેયના ઈ પરવાનગી હેય કા?"
3 ઈસુવે ચ્યાહાન એહેકેન જાવાબ દેનો, "મૂસાય તુમહાન ફારગાત્યે
બારામાય કાય આગના દેનહી?"
4 ચ્યાહાય આખ્યાં, "મૂસાય તે યોકા માટડાલ ચ્યા થેઅયેલ ફારગાત્યે
લેખપાત્રી લોખીન થેઅયેલ છોડી દેયના પરવાનગી દેનલી હેય".
5 ઈસુય ચ્યાહાન આખ્યાં, "મૂસાય ઈ આગના તુમહાન નિયમા
રુપામાય દેની, કાહાકા તુમા જિદ્દી આતા.
6 બાકી શુરવાતમાય જોવે પોરમેહેરાય બોદા કાય બોનાવ્યાં, ચ્યાય
માટડો એને થેએ આખીન બોનાડયેલ.
7 ચ્યાહાટી યોક માટડો ચ્યા આયહે આબહાલ છોડીન ચ્યા
થેઅયેઆરે રોઅરી.
8 એને ચ્યે બેની જાંએ યોકા શરીરા બોની; યાહાટી કા ચ્યે આમીને
બેન માઅહા હારકે નાંય, બાકી ચ્યે યોકાજ માઅહા હારકે હેય.
9 યાહાટી કા જ્યાલ પોરમેહેરાય યોકઠા જોડલા હેય, ચ્યાલ કાદાબી
માઅહું આલાગ નાંય કોઆ જોજે".
10 પાછે, જોવે ઈસુ ચ્યા શિષ્યહાઆરે ચ્યે ગોઅમે યોખલો આતો,
તોવે શિષ્યહાય ચ્યાલ પાછા ચ્યેજ વાતે બારામાય પુછ્યાં.
11 ઈસુવે ચ્યાહાન એહેકેન જાવાબ દેનો, "જો કાદો માટડો ચ્યા
થેઅયેલ ફારગાતી દેયન બિજ્યે આરે વોરાડ કોએ તો ચ્યા પેલ્લી થેઅયે
વિરુદ વ્યબિચાર કોઅહે.
12 એને જો થેએ ચ્યે માટડાલ ફારગાતી દેયન બીજાઆરે વોરાડ કોએ
તે તી વ્યબિચાર કોઅહે."

### ઈસુ વાહના પાહાહાન બોરકાત દેહે
### *(માથ્થી 19:13-15; લુક. 18:15-17)*

13 પાછે માઅહે પાહાહાન ઈસુપાય લેયા લાગ્યેં, યાહાટી કા તો
ચ્યાહાવોય આથ થોવિન ચ્યાહાન બોરકાત દેય, બાકી શિષ્ય માઅહાન
દોમકાડે.
14 ઈસુય ઈ એઇન ખિજવાયન આખ્યાં, “પાહાહાન માયેપાંય યાં દા,
ચ્યાહાન ઓટકાડાહા મા, કાહાકા ચ્યાજ લોક જ્યા યા પાહાહા હારકા
બોરહાલાયક હેય પોરમેહેરા રાજ્યામાય ચ્યાજ રોય.
15 આંય તુમહાન હાચ્ચાંજ આખતાહાવ કા, જ્યેં માઅહે પાહાહા
હારકા પોરમેહેરાલ નાંય હોઅપે, ચ્યે પોરમેહેરા રાજ્યામાય ચ્યા માઅહે
નાંય બોની.”
16 તોવે ઈસુ પાહાહાન ગોળે મિળ્યો એને ચ્યાહાવોય આથ થોવિન
બોરકાત દેની.

## મિલકાતવાળો જુવાન એને અનંતજીવન
## *(માથ્થી 19:16-30; લુક. 18:18-30)*

17 એને જેહોકોય ઈસુ એને ચ્યા શિષ્ય તાંઅરે નિંગા તિયાર ઓઅઇ
ગીયા, તોવે યોક માઅહું દાંહદીન ઈસુવાપાય યેના, એને ચ્યા આગલા
પાગે પોડીન ચ્યાલ પુછ્યાં કા, “ઓ ગુરુ, કાય કામ કોઉ કા પોરમેહેર
માન અનંતજીવન દેય?”
18 ઈસુવાય ચ્યાલ જાવાબ દેનો કા, “તો આખના મોતલાબ કાય હેય
કા આંય હારો હેય? પોરમેહેરા સિવાય કાદોજ હારો નાંય હેય.
19 તું પોરમેહેરા આગનાયો તે જાંઅતોહો કા, ખૂન નાંય કોઅના,
વ્યબિચાર નાંય કોઅના, ચોરી નાંય કોઅના, જુઠી સાક્ષી નાંય દેયના,
કાદાલ દોગો નાંય દેયના, એને આપહે આયહે આબહા માન રાખના.”
20 બાકી ચ્યે ઈસુલ એહેકેન આખ્યાં કા, “ઓ ગુરુ, યો બોદ્યો આગના
આંય હાનેરેજ માનતો યેનહો.”
21 ઈસુવાય ચ્યાએછે પ્રેમથી એઅયા એને ચ્યે ચ્યાલ આખ્યાં, “આજુ
યોક વાત હેય જીં તુલ કોઅના જરુરી હેય, જો, જીં કાય તોપાય હેય તીં
બોદા વેચિન ગોર-ગોરીબાહાન દેય દે, જોવે એહેકેન કોઅહે, તે તોપાય
હોરગામાય મિલકાત રોઅરી એને યેયન મા શિષ્ય બોની જો.”

22 જોવે ચ્યાય ઈસુલ ઈ વાત આખતા વોનાયો તોવે તો નિરાશ
ઓઅઇ ગીયો, એને તો દુ:ખી ઓઇન જાતો રિયો, કાહાકા તો બોજ
માલદાર આતો.
23 ઈસુવાય ચોમખી એઇન શિષ્યહાન આખ્યાં, "માલદાર માઅહાન
પોરમેહેરા રાજ્યામાય જાઅના બોજ કોઠાણ હેય!"
24 શિષ્યહાન ચ્યા વાત વોનાઈન નોવાય લાગી એને ઈસુવાય પાછા
ચ્યાહાન આખ્યાં, "ઓ મા બાહાહાય, જ્યા મિલકાતેવોય બોરહો
થોવતાહા, ચ્યાહાહાટી પોરમેહેરા રાજ્યામાય જાયના બોજ કોઠાણ
હેય.
25 ઉટડાલ હુવ્યે નાકલામાઅને જાયના કોઠાણ હેય, બાકી માલદાર
માઅહાન પોરમેહેરા રાજ્યામાય જાયના બોજ કોઠાણ હેય."
26 જોવે શિષ્ય ઈ વાત વોનાયા, ચ્યા આજુ બોજ નોવાય પામી ગીયા,
એને ચોકા બિજાલ આખતા લાગ્યા કા, "તે પાછે કાહાટી પોરમેહેરા
રાજ્યામાય જાંહાટી બોચાવ ઓઅઇ જાયના કેહેકેન સંભવ હેય?"
27 ઈસુય ચ્યાહા એછે એઇન આખ્યાં, "ઈ માઅહાન તે નાંય ઓઅઇ
હોકે, બાકી પોરમેહેરાથી ઓઅઇ હોકી; કાહાકા પોરમેહેર બોદાંજ
કોઅઇ હોકહે.
28 પિત્તર ચ્યાલ આખા લાગ્યો, આમે કાય ઓઅરી? આમાહાય તે
તો શિષ્ય બોનાહાટી બોદાંજ છોડી દેનલા હેય."
29 ઈસુય શિષ્યહાન આખ્યાં, "તુમહાન આંય હાચ્ચાંજ
આખતાહાવ, મા શિષ્ય બોનાહાટી એને પોરમેહેરા હારી ખોબાર
આખાહાટી, જ્યા કાદાંયબી ચ્યા ગુઉ છોડી દેનલા હેય, એને બાહા
બોઅહી એને આયહો એને આબહો એને પાહાહાન કા ચ્યા ખેતાર
છોડયા ઓરી, તો હાચ્ચોજ યે પેડયેમાય સતાવણી આરે-આરે બોજ
વસ્તુ મેળવી, એને યેનારા સમયામાય અનંતજીવન મિળી."
30 આમી યા કાળામાય, ચ્યાલ હોવ ગોણા નાંય મિળી, ગોએ એને
બાહા એને બોઅયોહો એને આયહો એને પોહેં એને ખેતારાહાલ, બાકી
દુખાઆરે એને યેનારા સોમાયામાય અનંતજીવન મેળવી.
31 બાકી બોજ લોક જ્યેં આમી પેલ્લે હેતેં, ચ્યે પાછલા ઓઅરી; એને
જ્યેં આમી પાછલા હેતેં, ચ્યે પેલ્લે ઓઅરી.

## ઈસુ પોતાના મોરણા બારામાય તીજી ભવિષ્યવાણી
## *(માથ્થી 20:17-19; લુક. 18:31-34)*

32 એને ઈસુ એને ચ્યા શિષ્ય યેરૂસાલેમ શેહેરા એછે જાનાર્યે વાટયેલ
જાય, એને ઈસુ ચ્યાહા આગલા-આગલા જાં આતો: એને શિષ્યહાન
બોજ નોવાય લાગી એને જ્યેં ચ્યાહા પાછલા-પાછલા ચાલતે આતેં ચ્યે
બિઇ ગીએલે આતેં, તોવે તો ચ્યા બારા શિષ્યહાન લેયને ચ્યાહાન ઈ
વાત આખા લાગ્યો જીં ચ્યાવોય યેનારી હેય.
33 "એઆ, આપા યેરૂસાલેમ શેહેરામાય જાતહા તાં, એને માન
માઅહા પોહાલ મુખ્ય યાજકાહા એને મૂસા નિયમ હિકાડનારા ગુરુહુ
આથામાય દોઅવાય જાયના. ચ્યા માન ગેર યહૂદી લોકહા આથામાય
હોઅપી દેઅરી એને ચ્યા માન માઆઇ ટાકરી.
34 ચ્યા લોક મા મશ્કરી કોઅરી, મા ઉપે થૂપી, માન ચાપકાહાકોય માર
ઠોકી એને માન માઆઇ ટાકી એને તીજે દિહી પાછો જીવતો ઓઅઇ
જાહીં."

## યાકૂબ એને યોહાના માગણી
## *(માથ્થી 20:20-28)*

35 તોવે જબદયા પાહા યાકૂબ એને યોહાન ઈસુવાપાય યેયન એહેકેન
આખા લાગ્યા, "ઓ ગુરુ, આમહે માગણી હેય કા, આમા જીં કાય
માગજે તીં તું આમેહાટી કોઓ."
36 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "તુમા કાય માગતાહા તીં આંય તુમહેહાટી
કોઉ?"
37 તોવે ચ્યાહાય ઈસુવાલ આખ્યાં, "જોવે તું મહિમામય રાજ્ય
કોઅના સુરુ કોઅહે, તે આમહાન તોઆરે રાજ્ય કોઅરા પરવાનગી
દેજે, આમે માઅને યોક જાંઆ જમણે આથે એને યોક ડાબે આથે
બોહોહું."
38 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "તુમા ઈ નાંય જાંએ કા તુમા કાય
માગતાહા? કાય તુમા બોગવાં હાટી તિયાર હેય, જેહેકોય આંય
બોગાવનારો હેય; મોઅરાંહાટી જેહેકોય આંય મોઅહી?"*

---

* **10:38** શાબ્દિક અનુવાદ: જો પિયાલો આંય પિતહાવ, કાય "તુમા તો પી હોકતાહા? એને જીં બાપતિસ્મા આંય લેતહાવ, કાય તી બાપતિસ્મા તુમા લી હોકતાહા?"

39 ચ્યાહાય ઈસુલ આખ્યાં, “આમે કોઅઇ ઓઅઇ હોકી”
ઈસુય ચ્યાહાન આખ્યાં, “જેહેકોય આંય બોગવીહીં, તેહેકોયજ તુમા
બોગવાહા; તુમા મોઅઇ જાહા, જેહેકોય આંય મોઅઇ જાહીં.
40 બાકી માન નોક્કી કોઅના ઓદિકાર નાંય હેય કા મા જમણે એને
ડાબે આથે, કું તો માનાપાના જાગો મેળવી, પોરમેહેરાય ચ્યા જાગાલ
તિયાર કોઅલા હેય, જ્યાહાન ચ્યાય નિવડયાહા ચ્યાહાહાટી.”
41 ઈ વોનાઈન દોહો શિષ્ય યાકૂબ એને યોહાના ઉપે ખિજવાયા
લાગ્યા.
42 તોવે ઈસુય ચ્યાહાન પાહી હાદિન આખ્યાં કા, “તુમહાન ખોબાર
હેય, કા જ્યા લોક યા દુનિયામાય જ્યા ઓદિકારી ગોણાતાહા, ચ્યા
ચ્યાહા ઓદિકારા ઉપયોગ ચ્યાહા તાબામાઅને લોકહાઉપે ઓદિકાર
ચાલાડાહાટી કોઅતાહા.
43 બાકી તુમહામાય ઓહડા નાંય હેય, બાકી તુમહેમાય જો કાદો
મોઠો બોના માગહે, તો તુમહે ચાકાર બોને.
44 એને જો કાદો તુમહેમાય પ્રધાન ઓરા માગે, તો બોદહા ચાકાર
બોને.
45 આંય એહેકેન યાહાટી આખહુ કા આંય, માઅહા પોહો, બીજહા
સેવા કોઅરાહાટી યા દુનિયામાય યેનો, આંય યાહાટી નાંય યેનો કા
બીજે મા સેવા કોએ, આંય બોજ લોકહાન ચ્યાહા પાપાહામાઅને
છોડાવાહાટી પોતાનો જીવ દાં યેનો.”

## ઈસુ આંદળા બારતીમાયાલ દેખતો કોઅહે
## (માથ્થી *20:29-34;* લુક. *18:35-43)*

46 યેરૂસાલેમ જાત્યે સમયે, ઈસુ એને શિષ્ય યેરીખો શેહેરામાય યેના,
જેહેકોય ચ્યા એને બિજા લોકહા ટોળા શેહેર છોડી રીઅલા આતા, યોક
બારતીમાય નાંવા આંદળો માગનારો વાટે મેરે બોહી રિઅલો આતો, તો
તીમાયા પોહો આતો.
47 જોવે તો લોકહાકોય વોનાયોકા ઈસુ જો નાજરેત ગાવા હેય, તો
યે વાટે જાય રિઅલો હેય, તોવે આંદળો એહેકેન બોંબાલતો લાગ્યો કા,
“ઓ ઈસુ, દાઉદ રાજા કુળા, માયેવોય દયા કોઓ!

48 બોજ જાંઆ ચ્યાલ દોમકાડા લાગ્યા એને ઠાવકાજ રા આખ્યાં,
બાકી તો આજુ મોઠેરે બોંબાલતો લાગ્યો કા, ઓ ઈસુ, દાઉદ રાજા કુળા,
માયેવોય દયા કોઓ."
49 જોવે ઈસુ ચ્યા વોનાયો તોવે ઈસુ ઉબો રોય ગીયો એને
આજુ બાજુને લોકહાન ચ્યાલ લિયાહાટી આખ્યાં, એને લોકહાય ચ્યા
આંદળાલ હાદિન આખ્યાં, "ઈમાત રાખ, ઉઠ, ઈસુ તુલ હાદહે."
50 પાછે આંદળા માઅહાય ચ્યા બાર્યે ફાડકે ટાકી દેયને તારાત ઉઠયો,
એને ઈસુ પાહી ગીયો.
51 એને ઈસુય ચ્યાલ પુછ્યાં, "તું કાય માગતોહો એને તોહાટી આંય
કાય કોઉ?" આંદળાય ચ્યાલ આખ્યાં, "ઓ ગુરુ, ઈજ કા આંય દેખતો
ઓઉં."
52 એને ઈસુય ચ્યાલ આખ્યાં, "જો, આંય તો બોચાવ કોઅતાહાંવ
કાહાકા તું માયેવોય બોરોહો કોઅતોહો, તે આમી તું તો ગોઅ જાય
હોકતોહો" એને તો તારાતુજ દેખતો જાયો, પાછે તો ચ્યા પાહલા વાટ
દોઇન ચાલા લાગ્યો.

# 11

## યેરૂસાલેમ શેહેરામાય ઈસુવા વિજયા પ્રવેશ
## *(માથ્થી 21:1-11; લુક. 19:28-40; યોહા. 12:12-19)*

1 જેહેકોય ઈસુ એને ચ્યા શિષ્ય યેરૂસાલેમ શેહેરા પાહી યેના, તોવે
ચ્યા બેતફાગે એને બેથાનીયા બાઆને ગાવહામાય પોઅચ્યા, યે ગાંવે
જૈતુન ડોગાપાય આતેં, તોવે ઈસુય ચ્યા શિષ્યહા માઅને બેન શિષ્યહાન
એહેકેન આખીન ચ્યા આગલા દોવાડયા કા,
2 "હામ્મેના ગાવામાય જાં, એને તાં જાતાંજ તુમહાન યોક ફુરક્યા
વાછડાં હેય ચ્યાવોય આજુ લોગુ કાદોજ નાંય બોઠહો, તી બાંદલા નોજરે
પોડી, ચ્યાલ છોડીન માયેપાંય લેય યા.
3 જોવે કાદા તુમહાન પુછે, ઈ કાય કોઅતાહા, તોવે એહેકેન આખજા,
ઈસુ આમે પ્રભુલ યા ઉપયોગ કોઅના ગોરાજ હેય, એને તો ચ્યાલ
તારાતુજ લેય દોવાડી."

4 શિષ્ય ગાવામાય ગીયા એને ફુરક્યા વાછડાલ હેરીમાય ચોકા ગાઆ
બાઆપૂરૂજ ચોકા ખુટાઆરે બાંદલા મિળ્યાં, એને ચ્યા ચ્યાલ છોડા
લાગ્યા.
5 ચ્યાહામાઅને તાં ઉબે રીઅલે માઅહાય, ચ્યાહાન એહેકેન આખ્યાં
કા, "ઈ તુમા કાય કોઅતાહા, એલા ફુરક્યા વાછડાલ કાહા છોડતાહા?"
6 શિષ્યહાય ઈસુ આખલ્યે પરમાણેજ જાવાબ દેનો, એને ચાહાટી
ચ્યા માઅહાય ચ્યાહાન ફુરક્યા વાછડાલ લેય જાં દેના.
7 એને ચ્યા બેન શિષ્ય ફુરક્યા વાછડાલ ઈસુપાય લેય યેના, એને
ચ્યાવોય ચ્યાલ બોહાંહાટી ફુરક્યા વાછડા બોઅડા વોય પોતાને ફાડકે
પાથ્યેં એને ઈસુ ચ્યાવોય બોહી ગીયો, એને યેરૂસાલેમ શેહેરા એછે જાં
લાગ્યો.
8 બોજ લોકહાય ઈસુ હામ્મે વાટેઊપે પોતાના ફાડકે પાથ્યેં, એને
બિજા લોકહાય ચ્યાલ માનપાન દાંહાટી વાટેવોય પાલાવાળ્યો ડાહગ્યો
પાથ્યો, જ્યો ચ્યા લોક રાનહામાઅને વાડીન લિયેનલા આતા.
9 એને કાંયક લોક ઈસુ આગલા-આગલા ચાલે એને કાંયક પાહલા
ચાલે, ચ્યા બોદા ખુશ્યેકોય બોંબલી રીયલા આતા, "હોસાન્ના* જો પ્રભુ
નાવાકોય યેહે, ચ્યાવોય પોરમેહેરા બોરકાત હેય.
10 આંય વડીલ દાઉદ રાજા હારકો ચોક રાજા પોરમેહેરા બોરકાતે
કોઅઇ રાજ્ય કોઅરા યી રીયલો હેય, પોરમેહેરા હોસાન્ના કોઆ જો
હોરગામાય રોહે."
11 જોવે ઈસુ યેરૂસાલેમ શેહેરામાય ગીયો ચ્યા પાછે, તો દેવાળામાય
ગીયો, એને ચ્યાય ચોમખી બોદયે વસ્તુહુલ દિયાન દેયન એઅયા એને
પાછે ચ્યાય શેહેર છોડી દેના કાહાકા બોપરેહે પેલ્લાજ વાઆ લાગી
ગીઅલી આતી, પાછે તો બાર શિષ્યહાઆરે બેથાનીયા ગાવામાય જાતો
રિયો.

## ઈસુવે અંજીરા જાડાલ હારાપ દેનો
## *(માથ્થી 21:18-19)*

12 બીજે દિહે બેથાનીયા ગાવામાઅને નિંગ્યા તોવે ઈસુલ બુખ લાગી.

---

* **11:9** શાબ્દિક અનુવાદ: હોસાન્ના ચોક આરામી ભાષા શબ્દ હેય જ્યા હાચ્ચો મોતલાબ હેય "(આમહાન) આમી વાચાડ" બાકી પાછે યા ઉપયોગ લોકહા સ્વાગત એને પ્રશંસા હાટી વાપારતેહે.

13 ઈસુવે દુઉરે ચોક અંજીરા નીળા જાડ દેખ્યાં, એને ચ્યાવોઅને
અંજીર મિળી ચાહાટી તો ચ્યા પાહી ગીયો, પાહાય જાયન એઅયા તે
ચ્યાલ પાલાંજ દેખાયાં, કાહાકા અંજીર લાગના સમય નાંય આતો.
14 તોવે ઈસુય ચ્યા જાડાલ આખ્યાં, "આમીને તું પાછી કોવેજ ફળ
નાંય દેહે" એને ચ્યા શિષ્ય ઈ વોનાયા કોઅઇ.

## ઈસુવે દેવાળામાઅને વેપાર્યાહાન બારે કાડી દેના
## *(માથ્થી 21:12-17; લુક. 19:45-48; યોહા. 2:13-22)*

15 ચ્યા પાછે, ઈસુ એને ચ્યા શિષ્ય યેરૂસાલેમ શેહેરામાય પોઅચ્યા,
એને દેવાળા બાઆપુર ગીયા, ઈસુય ચ્યા લોકહાન તાઅને બાઆ કાડના
સુરુ કોઅયા, જ્યા બોલીદાનાહાટી ઉપયોગ ઓઅનારે જોનાવારે એને
બાકી વસ્તુ વેચાતાં લાંહાટી એને વેચાંહાટી કામ કોઅઇ રીયલા આતા,
ચ્યાય પોયહા બોદાલનારાહા બાકડાહાન ડેકલી દેના, એને ચ્યાય કબુતર
વેચનારાહાપાંય જાયને વેચનારાહા ખુરચ્યેહેલ કોથલાડી દેને.
16 એને ઈસુવે લોકહાન આગના કોઅયી કા ચ્યા દેવાળા આજુ-
બાજુને વસ્તુ લેય જાઅના બોંદ કોએ.
17 ચ્યાહાન ઈસુવે હિકાડીન એહેકેન આખ્યાં કા, "કાય પવિત્રશાસ્ત્ર
ઈ નાંય આખે, કા મા દેવાળાલ ગેર યહૂદી લોકહાહાટી પ્રાર્થના ગુઉ
આખલા જાય? બાકી તુમાહાય તીં બાંડાહા ગુઉ બોનાવી રાખ્યહાં."
18 જોવે મુખ્ય યાજક એને મૂસા નિયમ હિકાડનારા ગુરુવાહાય,
ઈસુવે જીં આખ્યાં એને કોઅયા ચ્યા બારામાય વોનાયા, તોવે ચ્યા ચ્યાલ
માઆઇ ટાકના આવાડ હોદ્તા લાગ્યા. બાકી ચ્યા ચ્યાથી બિઅતા
આતા, કાહાકા લોકહા ટોળો ચ્યા હિકાડનાથી પૂર્યે રીત્યેકોય નોવાય
પામલા.
19 જોવે વેળ પોડી ગિઇ, તોવે ઈસુ એને ચ્યા શિષ્ય શેહેર છોડીન
બેથાનીયા ગાવા એછે જાતા રિયા.

## ઉખાલા અંજીરા જાડા બારામાય હિકાડના
## *(માથ્થી 21:20-22)*

20 આગલે દિહી હાકાળેહે, જોવે ઈસુ એને ચ્યા શિષ્ય પાછા
યેરૂસાલેમ શેહેરા એછે જાં આતા, તોવે ચ્યાહાય તી અંજીરા જાડ પાછી
દેખ્યા, તી મુળાહા લોગુ ઉખાઈ ગીઅલા આતા.
21 પિત્તરાલ તી વાત યાદ યેની એને ચ્યે ઈસુલ આખ્યાં, “ઓ ગુરુ
એએ, ઈ તી અંજીરા જાડ તુયે હારાપ દેનલા તી જાડ ઉખાય ગીયા.”
22 ઈસુય ચ્યાલ જાવાબ દેનો, “પોરમેહેરા ઉપે બોરહો રાખા કા જી
તુમાહાય માગલા હેય પોરમેહેર તી કોઅરી.
23 આંય તુમહાન હાચ્ચાંજ આખતાહાવ કા, જો કાદો એલા ડોગાલ
એહેકેન આખે કા, ઉઠ એને દોરિયામાય જાય પોડ, એને મોનામાય શંકા
નાંય રાખે તોવે, બાકી બોરહો કોએ કા જી ચ્યાય માગલા હેય પોરમેહેર
ચ્યાલ કોઅરી, તોવે પોરમેહેર ચ્યાહાટી ઈ કોઅઇ દી.
24 ચ્યાહાટી તુમહાન આંય આખતાહાવ કા, જી કાય તુમા
પ્રાર્થનામાય માગતાહા, ઓહડો બોરહો રાખા કા તી તુમહાન મિળી
જાય, તોવે પોરમેહેર ચ્યાહાટી ઈ કોઅઇ દી.
25 એહેકેન જોવે તુમા ઉબા રોઇન પ્રાર્થના કોઅતાહા, તોવે પેલ્લા
ચ્યાહાન માફ કોઅરા જ્યાંય તુમહે વિરુદમાય બુલ કોઅયી ઓરી.
યાહાટી કા તુમહે પોરમેહેર જો હોરગામાય રોહે તેરુંબી તુમહાન તુમહે
પાપ માફ કોઅય.
26 બાકી જોવે તુમા માફ નાંય કોએત તે તુમહે પોરમેહેર આબહો,
જો હોરગામાય હેય તો તુમહે બુલબી માફ નાંય કોઅરી.”

## ઈસુવા ઓદિકારા બારામાય સાવાલ
## (માથ્થી *21:23-27*; લુક. *20:1-8*)

27 ઈસુ એને ચ્યા શિષ્ય પાછા યેરૂસાલેમ શેહેરામાય યેય ફૂગ્યા, એને
જોવે તો દેવાળામાય ફિરે તોવે મુખ્ય યાજક, મૂસા નિયમ હિકાડનારા
ગુરુ એને આગેવાન ચ્યા ચ્યાપાય યેયન પુછા લાગ્યા.
28 “તુલ યે કામે કોઆહાટી તોપાય કાય ઓદિકાર હેય? કુંયે તુલ
ઓહડા ઓદિકારાહાતે દોવાડયોહો?”

29 તોવે ઈસુય ચ્યાહાન આખ્યાં, “આંયબી તુમહાન યોક સાવાલ
પૂછતાહાવ, જોવે ચ્યા તુમા માન જાવાબ દાહા, પાછે આંય કા
ઓદિકારાકોય કામ કોઅતાહાંવ તીં તુમહાન આખતાહાવ.
30 જોવે યોહાનાય લોકહાન બાપતિસ્મા દેના, તે કાય ચ્યા ઓદિકાર
હોરગામાઅને પોરમેહેરા એછને કા માઅહા એછને? માન આખા.”
31 તોવે ચ્યા જાતેજ વિચાર કોઆ લાગ્યા કા હોરગામાઅને આખહુ
તોવે, તો આમહાન આખરી કા, તોવે તુમાહાય ચ્યાવોય કાહાનાય
બોરહો થોવ્યો?
32 એને જોવે આમા માઅહા એછને તોવે કાય ઓઅઇ? ચ્યા યા
હારકો જાવાબ નાંય દેય કાહાકા ચ્યા લોકહાથી બિઅતા આતા, જ્યા
ઈ માનતા આતા કા, યોહાન પોરમેહેરા પાયને યોક હાચ્ચો ભવિષ્યવક્તા
આતો.
33 એને ચ્યાહાય ઈસુવાલ જાવાબ દેનો કા, “આમા નાંય જાંઆજે
કા યોહાનાલ લોકહાન બાપતિસ્મા દાંહાટી કુંયે દોવાડયેલ” તોવે ઈસુય
ચ્યાહાન આખ્યાં, તે “આંયબી તુમહાન નાંય જાવાબ દાંઉ કા, ઈ કામ
આંય કોઅહા ઓદિકારાકોય કોઅહુ.”

# 12

## ખારાબ કામે કોઅનારા ખેડુતાહા દાખલો દેનો
*(માથ્થી 21:33-46; લુક. 20:9-19)*

1 પાછો, ઈસુ બિજા દાખલા દેયન યહૂદીયાહા આગેવાનાહાઆરે
વાત કોઆ સુરુ કોઅયા, “યોક માઅહાય ચ્યા રાનામાય દારાખા વાડી
લાવી, ચ્યાય રાના ચોમખી દોગડાહા યોક બીતડા બોનાવ્યાં, એને
દારાખા રોહયા યોકઠો કોઅરાહાટી ખાડો ખોદયો, ચ્યાય બાંડાહા એને
જોનાવરહા ઇહિને રાના હાંબાળ કોઅરાહાટી યોક માળો પાડયો, પાછે
ચ્યાય ચ્યા રાનાલ કોલહાક ખેડુતાહાન બાગે દેય દેના એને બિજા દેશા
એછે લાંબી મુસાફીર્યેલ નિંગી ગીયો.
2 જોવે દારાખેં પાકી ગીયે, તે ચ્યા ચાકારાહામાઅને યોકાલ બાગ્યા
ખેડુતાપાય દોવાડયો, કા ચ્યા દારાખાહા વાડયેમાઅને ચ્યા ભાગ લી યેય.

3 બાકી ખેડુતાહાય ચ્યાલ દોઇન માર દેનો, એને ચ્યાલ કાયજ નાંય
દેના એને પાછો દોવાડી દેનો.
4 પાછો વાડયે માલિકાય ચોકબીજા ચાકરાલ ખેડુતાહાપાય દોવાડયો,
એને ચ્યાહાય ચ્યા ટોલપા ફોડી ટાક્યા એને ચ્યાઆરે જુઠા કોઅયા.
5 પાછો વાડયે માલિકાય બિજા ચાકરાલ દોવાડયો, ચ્યાલ ચ્યાહાય
માઆઇ ટાક્યો પાછો ચ્યે બોજ જાંણહાન દોવાડયા, ચ્યાહામાઅને
બાકહ્યાન ઠોક્યાં, એને બાકી જાંઆહાન માઆઇ ટાકવામાય યેના.
6 આમી, વાડયે માલિકાપાય દોવાડાહાટી કેવળ ચોકુજ માઅહું
આતા, તો ચ્યા પોતે વાહલો પોહો આતો સેવાટ ચ્યે ચ્યા પાહાલ
દોવાડયો કાહાકા, ચ્યે એહેકેન જાંઅયા કા, મા પોહા ચ્યા દાક રાખી.
7 બાકી જોવે ખેડુતાહાય ચ્યા પાહાલ યેતા દેખ્યા, તે ચ્યાહાય ચોક
બીજહાન આખ્યાં, 'એલો તે વારસદાર હેય; ચાલા, એલાલ આપા
માઆઇ ટાકતા, તોવે વારસો આપહે ઓઅઇ જાઅરી.'
8 એને ખેડુતાહાય ચ્યાલ દોઇન માઆઇ ટાક્યો, એને ચ્યા કુડી
દારાખાહા વાડયે બાઆ ટાકી દેની."
9 "તુમહાન કાય લાગહે કા દારાખાહા વાડયે દોનારો કાય કોઅરી? તો
યેયન ચ્યા ખેડુતાહાન માઆઇ ટાકી, એને દારાખાહા વાડી બીજહાન દેય
દી.
10 કાય તુમાહાય પવિત્રશાસ્ત્રા માઅને લોખલાં નાંય વાચ્યાહાં કા
જ્યા ખ્રિસ્તા બરાબરી ચોકા મહત્વા દોગડા હાતે કોઅહે? તો આખહે
જ્યા દોગડાલ કોડયાહાય ટાકી દેનેલ, ઓ તોજ દોગાડ હેય જો ગોઆ
મુખ્ય દોગાડ બોની ગીયો.
11 ઈ પોરમેહેરાય એહેકેન કોઅયા, એને ઈ આમહેહાટી બોજ નોવાય
હેય ઈસુલ દોઇન કોંડી દા માગતા આતા."
12 યહૂદી આગેવાન ચ્યાલ દોઈ દા માગેત, કાહાકા ચ્યા હુમજી
ગીઅલા કા, ચ્યાય આમે વિરુદમાય ઓ દાખલો આખ્યોહો ચ્યા
ઈસુવાલ દોઅરાં આતા બાકી ચ્યાહાન લોકહા બિક આતી, યાહાટી ચ્યા
ચ્યાલ ચોખલો છોડીન જાતા રિયા.

### કૈસરાલ કર દેયના કા નાંય યા સાવાલ
### *(માથ્થી 22:15-22; લુક. 20:20-26)*

13 પાછે ઈસુલ કાય આખવાકોય ફસાવના કોશિશ કોઅરાહાટી જ્યા
આધારે ચ્યાલ દોઇન કોંડી દેવાય યાહાટી કોલહાક પોરૂષી લોક એને
રાજા હેરોદ લોકહા ટોળાલ ચ્યાહાપાય દોવાડયા.
14 ચ્યાહાય યેયન ઈસુલ આખ્યાં, "ઓ ગુરુ, આમા જાંઅજેહે કા,
તું સાદા હાચ્ચાં આખતોહો એને તું યા બારામાય ચિંતા નાંય કોએ
કા લોક તો બારામાય કાય વિચાર કોઅતાહા, કાહાકા તું બોદહાઆરે
હારકો વેવાહાર કોઅતોહો, બાકી પોરમેહેરા વાટ હાચ્ચાયે પરમાણે
હિકાડતોહો તે પાછે આમી આમહાન આખ, કાય કૈસરાલ* કર દેઅના
આમે નિયમા વિરુદ હેય?
15 કાય આમાહાય કર દાં જોજે, કા આમાહાય કર નાંય દાં જોજે?"
ચ્યાય ચ્યાહા ડોંગ જાઇન આખ્યાં, તુમા માન જુઠા આખવા કોઅઇ
ફસવા કોશિશ કાહા કોઅઇ રીઅલા હેય? માન યોક દીનારા સિક્કો (૧
દીનાર એટલે યોકા દિહા કાંબારાં ઓઅહે) આંઆઈ દિયા, માન એરા
દિયા.
16 ચ્યા લેય યેના, એને ઈસુય ચ્યાહાન આખ્યાં, "માન આખા યા ચાંદ્યે
સિક્કા ઉપે કા ચિત્રા એને કા નાંવ હેય? યાવોય કા છાપ એને કા નાંવ
હેય?" ચ્યાહાય આખ્યાં, "કૈસરા હેય."
17 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "જીં કૈસરા હેય, તી કૈસરાલ દેય દિયા,
એને જીં પોરમેહેરા હેય તી પોરમેહેરાલ દેય દિયા" એને તોવે ચ્યાહાન
બોજ નોવાય લાગી.

### પાછા જીવી ઉઠના એને વોરાડ યા બારામાય
### *(માથ્થી 22:23-33; લુક. 20:27-40)*

18 તોવે સાદૂકી ટોળા કોલહાક લોક ઈસુવાપાય યેના, સાદૂકી ટોળો
ઈ નાંય માનેત કા મોઅલા માઅને પાછા જીવતા નાંય ઓઅઇ હોકે, ચ્યા
ઈસુવા પાહી યેના એને ચ્યાલ પુછ્યાં.
19 "ઓ ગુરુ, મૂસાય શાસ્ત્રામાય આમહે કોરે યોક નિયમ લોખલો
આતો કા, જોવે યોકતા વોરાડ ઓઅલો માટડો મોઅઇ જાય, એને તો
વોગાર પાહાહા થેએયેલ છોડી જાહે, તોવે ચ્યા માટડા બાહા વિધવાયે
આરે વોરાડ કોઅઇ લા જોજે એને યોક પોહા પૈદા કોઅરા જોજે જો
ચ્યા બાહા વારસદાર બોને.

* **12:14** કૈસર યોક રોમન રાજ્યા મોઠો રાજા હેય

20 યોકા કુટુંબમાય હાંત બાહા આતા, બોદહા મોઠા બાહાય વોરાડ
કોઅઇ લેદા બાકી વોગાર પાહાહા તો મોઅઇ ગીયો.
21 તોવે બિજા બાહે એ વિધવાયેલ રાખી લેદી, બાકી તો હોગો વોગાર
પાહાહા મોઅઇ ગીયો, એને તીજ વાત તીજા બાહા આરે જાઈ.
22 એને ઈ વાત બોદા હાંતી બાહાહા આરે જાઈ, એ થેઅયેય
એહામાઅને કાદાહાટીબી યોક પાહાલ જન્મો નાંય દેનો, છેલ્લે, તી
થેએબી મોઅઇ ગિઇ.”
23 એને આમી આમહાન આખ, “આમી યે થેએયે વોરાડ હાંત
માટડાઆરે ઓઅયા, તે જોવે મોઅલા માઅને પાછા જીવતા ઓઅઇ,
તોવે તી કા થેએ રોય? કાહાકા તી હાંતહ્યા થેએ આતી.”
24 ઈસુવે એહાન આખ્યાં, “તુમા બુલમાય પોડયાહા કાહાકા તુમા
નાંય જાંએતકા પવિત્રશાસ્ત્ર કાય આખહે, એને તુમા પોરમેહેરા સામર્થ્યા
બારામાય નાંય જાંએત.
25 કાહાકા જોવે મોઅલા માઅને જીવી ઉઠી, તોવે તે નાંય માટડા એને
નાંય થેઅયો વોરાડ કોઅરી, બાકી હોરગામાય રોનારા હોરગા દૂતહા
હારકે રોય.
26 એને મોઅલા જીવતા ઉઠી ઓ બારામાય તુમાહાય મૂસા
ચોપડયેમાય નાંય વાચ્યાહાં કા બોળત્યે જાડયેમાય કાય જાયા,
પોરમેહેરાય મૂસાલ આખ્યાં, આંય તો ડાયહા આબ્રાહામા, ઈસાકા, એને
યાકૂબા પોરમેહેર આમીબી હેતાઉ,?
27 યાહાટી તો મોઅલાહા પોરમેહેર નાંય હેય બાકી જીવતાહા
પોરમેહેર હેય, તુમા બોજ બુલમાય પોડયાહા.”

### બોદહા કોઅતી મહત્વા આગના
### *(માથ્થી 22:34-40; લુક. 10:25-28)*

28 મૂસા નિયમ હિકાડનારા ગુરુહુ માઅને યોકેજાઆ યેયન વોનાયો,
કા ઈસુ એને સાદૂકી ઓહામાય ચર્ચા કોઅઇ રીઅલા આતા, એને
ઈ દેખીન ઓય ઓહાન હાચ્ચો જાવાબ દેનો, એ ઈસુલ પુછ્યાં,
“પોરમેહેરાય જોલ્યો આગના દેનહ્યો, એહામાઅને બોદયેહેમાય
મહત્વા આગના કોઅહી?”

29 ઈસુવે ચ્યાલ જાવાબ દેનો, “બોદી આગનાહા માઅને મહત્વા ઈજ
હેય કા: ‘ઓ ઈસરાયેલા લોક વોનાયા, પ્રભુ આપહે પોરમેહેર ચોકુજ
પ્રભુ હેય.
30 તું આપહે પ્રભુ પોરમેહેરાવોય તો બોદા રુદાયા કોયન, એને જીવા
કોઇન, એને બોદા મોના કોઇન, એને આખી ગોત્યે કોઇન પ્રેમ રાખજે’
